# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છટ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/287 Dt. 08/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'કેન્સર જાગૃતિ અને નિવારણ' વિષય પર સત્ર યોજાયું

## કેન્સર એટલે 'કેન્સલ' નહીં, વહેલા નિદાન અને જાગૃતિથી તેને ચોક્કસ માત આપી શકાય છે: Dr. Dimpal Gadhesariya

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કેન્સર જાગૃતિ અને કેન્સર નિવારણ વિષય પર એક રસપ્રદ અને માહિતીસભર સત્ર તારીખ 04 January 2026 ના રોજ સવારે 10:30 કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હોસ્પિટલના જાણીતા રેડિયેશન ઓન્કોલોજિસ્ટ Dr. Dimpal Gadhesariyaએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, કેન્સર થાય એટલે આખો પરિવાર બરબાદ થતો હોય છે. પરિવાર, સમાજ અને રાષ્ટ્ર સ્વસ્થ રહે એ માટે કેન્સર અટકાયતના પ્રયાસો જરૂરી છે.

Dr. Dimpal Gadhesariyaએ કેન્સર શું છે એ સમજાવ્યું હતું અને તેને લગતી ગેરમાન્યતાઓ અને હકીકતો વિશે વિગતે ફોડ પાડતા કહ્યું કે રેડિયેશન બાબતે, કેન્સર બાબતે જાગૃતિની ખૂબ જ જરૂર છે. સમાજ માને છે કે કેન્સર

થાય પછી કોઇ ઉપાય કે ઉકેલ નથી. કેન્સર એટલે કેન્સલ. જો કે હવે એવું નથી. કેન્સર સ્ક્રિનિંગ ખૂબ જ જરૂરી છે. વહેલું નિદાન કરવાથી કેન્સરને હરાવી શકાય છે. કેન્સર એ ચેપી રોગ નથી. તેમણે કહ્યું કે રેડિયેશન થેરાપી માણસને મારી નાખે છે એવી ગેરમાન્યતા છે, હકીકતમાં તે કેન્સરને દૂર કરી માણસને જીવાડવા માટે છે. ફેમિલી હિસ્ટ્રી ન હોય તો કેન્સર નહીં થાય એવી માન્યતા પણ ભૂલભરેલી છે. કેન્સર ગમે તેને થઈ શકે છે.

બાયોપ્સીથી કેન્સર ફેલાય છે એવી ગેરમાન્યતાનું ખંડન કરતા તેમણે કહ્યું કે એ એક સિમ્પલ પ્રોસિજર છે, એનાથી કેન્સર ફેલાતું હોવાના કોઇ પુરાવા નથી. તેમણે કહ્યું કે 80 ટકા ગાંઠ કેન્સર નથી હોતી. કેન્સર ખાંડ પર નભે છે એ પણ તદ્દન ખોટી ગેરમાન્યતા છે. સુગર બંધ કરવાથી કેન્સર મટે એવું નથી. કેન્સરની ગાંઠ ચોથા સ્ટેજ સુધી ન પહોંચે ત્યાં સુધી દુ:ખાવો થતી નથી એટલે ઘણી વાર દર્દી ડૉક્ટર પાસે જતો નથી. ફેંફસાનું કેન્સર ધુમ્રપાન કરનારને જ થાય એવું પણ નથી.

તેમણે ભારતમાં અને ગુજરાતમાં વધતા જતા કેન્સરના કેસો વિશે પણ પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું કે હેડ એન્ડ નેક કેન્સરમાં ગુજરાત પ્રથમ ક્રમે છે એનું કારણ તમાકુ છે. દર આઠ મિનિટે દેશમાં એક મૃત્યુ સ્તન કેન્સરને લીધે થાય છે. તેમણે સ્મોકિંગ ઉપરાંત સ્થૂળતા અને બેઠાડું જીવનને લીધે થતાં કેન્સર વિશે પણ માહિતી આપી હતી અને કહ્યું કે કોઇ પણ ચાંદુ 15 દિવસમાં ન મટે તો તરત ડૉક્ટર પાસે જવાની જરૂર છે. સ્ક્રિનિંગ ટેસ્ટ, લાઈફ સ્ટાઈલમાં ફેરફારો, વેક્સિન અને હેલ્ધી ડાયેટથી કેન્સર અટકાવી શકાય છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરપર્સન ડૉ. સોનિયા ચંદાણીએ મુખ્ય વક્તાનો વિશેષ પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કરી હતી.